# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) કેથોલિક ચર્ચના વડા પોપ ફ્રાન્સિસના પાર્થિવ શરીરને આજે રોમના સેન્ટ મેરી મેજર બેસિલિકામાં દફનવવામાં આવશે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વેટિકન સિટીમાં પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપી – આજે અંતિમ સંસ્કાર વિધિમાં ઉપસ્થતિ રહેશે
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.
5) આકાશવાણીએ ઇન્ડિયા ઓડિયો સમિટ અને એવોર્ડ્સ 2025 માં વિવિધ શ્રેણીઓમાં કુલ છ પુરસ્કારો જીત્યા
6) આઈપીએલ ક્રિકેટમાં આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે સાડા સાત વાગે થશે.

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV POPE FUNERAL-PREZ MURMU

કેથોલિક ચર્ચના વડા પોપ ફ્રાન્સિસના પાર્થિવ શરીરને આજે રોમના સેન્ટ મેરી મેજર બેસિલિકામાં દફનવવામાં આવશે. અંતિમ સંસ્કાર વિધિ ભારતીય સમય મુજબ બપોરે દોઢ વાગ્યે વેટિકન સિટીના સેન્ટ પીટર્સ સ્કવેર ખાતે શરૂ થશે. વિશ્વના વિવિધ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને પ્રતિનિધિઓ સહિત હજારો લોકો ઉપસ્થતિ રહે તેવી અપેક્ષા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોપના અંતિમ સંસ્કાર વિધિમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ મુર્મુ ગઈકાલે રોમ પહોંચ્યા અને વેટિકન સિટીમાં પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયન અને ગોવા વિધાનસભાના ઉપાધ્યક્ષ જોશુઆ ડિસોઝા પણ તેમની સાથે છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ...

(બાઇટ – મુકેશ)

વર્ષ 1903 બાદ પહેલી વાર પોપના અંતિમ સંસ્કાર વેટિકન સિટીની બહાર થઈ રહ્યા છે. આ અગાઉ 1903 માં પોપ લીઓ તેરમાંને વેટિકનની બહાર દફનાવવામાં આવ્યા હતા.

પોપ ફ્રાન્સિસ રોમન કેથોલિક ચર્ચના વડા બનનારા પ્રથમ લેટિન અમેરિકન પોપ હતા. 21 એપ્રિલના રોજ 88 વર્ષની વયે તેમનું અવસાન થયું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે. શ્રી મોદી આ પ્રસંગે વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉપસ્થિત લોકોને પણ સંબોધિત કરશે. રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, 15મો રોજગાર મેળો દેશભરમાં 47 સ્થળોએ યોજાઈ રહ્યો છે. જે યુવાનોને સશક્તિકરણ અને રાષ્ટ્રના વિકાસમાં અસરકારક યોગદાન માટે અર્થપૂર્ણ તક પૂરી પાડશે. નવનિયુક્ત યુવાનો કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં કામ કરશે.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ...

**(બાઇટ – અનુપમ મિશ્ર)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની  આ 121મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SIKKIM-POWER CONFERENCE

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ આજે સિક્કિમના ગંગટોકમાં પૂર્વોત્તર ક્ષેત્રના ઉર્જા મંત્રીઓના સંમેલનમાં ઉપસ્થિત રહેશે. આ પરિષદમાં પૂર્વોત્તર રાજ્યોના તમામ ઉર્જા મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે. બેઠકમાં વીજ ક્ષેત્રને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય ઉર્જા મંત્રી સિક્કિમમાં શહેરી અને ઉર્જા ક્ષેત્રોમાં ચાલી રહેલા અને પ્રસ્તાવિત વિકાસ કાર્યક્રમોની પણ સમીક્ષા કરશે. મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

...............................................................

# AKASHWANI - AWARD

આકાશવાણીએ ઇન્ડિયા ઓડિયો સમિટમાં વિવિધ શ્રેણીઓમાં કુલ છ પુરસ્કારો જીત્યા છે. આ ઓડિયો સમિટની ત્રીજી આવૃત્તિ ગઈકાલે રાત્રે મુંબઈમાં યોજાઈ હતી. આકાશવાણી માટેના ટોચના પુરસ્કારોમાં, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના કાર્યક્રમ 'નઈ સોચ નઈ કહાની - અ રેડિયો જર્ની વિથ સ્મૃતિ ઈરાની' ને શ્રેણી ઓફ ધ યરનું સન્માન આપવામાં આવ્યું હતું. આ શ્રેણી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથેના એક વિશિષ્ટ વાતચીત સાથે સમાપ્ત થઈ હતી, જે ગયા વર્ષે રાષ્ટ્રપતિ ભવનમાં રેકોર્ડ કરવામાં આવી હતી. ન્યૂઝ સર્વિસીસ ડિવિઝનના લોકપ્રિય સાપ્તાહિક ફોન-ઇન શો પબ્લિક સ્પીકને આરોગ્ય અને તંદુરસ્તી શ્રેણીમાં શ્રેષ્ઠ ઉત્પાદિત ઓડિયો સ્ટ્રીમિંગ કાર્યક્રમ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

આકાશવાણીના ડિરેક્ટર જનરલ ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી અને તેમણે કહ્યું હતું કે આકાશવાણી વિશ્વસનીયતા માટે મજબૂત રીતે ઉભી છે અને ઘોંઘાટીયા વિશ્વમાં દીવાદાંડી તરીકે કાર્ય કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DRDO SCRAMJET

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન - DRDO એ એક હજાર સેકન્ડથી વધુ સમય માટે એક્ટિવ ફૂલ્ડ સ્ક્રેમજેટ સબસ્કેલ કૉમ્બસ્ટરનું ગ્રાઉન્ડ પરીક્ષણ કરીને સ્ક્રેમજેટ એન્જિન વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

ડીઆરડીઓની હૈદરાબાદ પ્રયોગશાળાએ ગઈકાલે નવા બનેલા અત્યાધુનિક સ્ક્રેમજેટ કનેક્ટ પરીક્ષણ કેન્દ્ર પર ગ્રાઉન્ડ પરીક્ષણો કર્યા. આ ગ્રાઉન્ડ પરીક્ષણ જાન્યુઆરીમાં 120 સેકન્ડના પહેલા પરીક્ષણનો આગામી તબક્કો છે. સફળ પરીક્ષણ સાથે જ સિસ્ટમ ટૂંક સમયમાં ઉડાન યોગ્ય  કૉમ્બસ્ટર પરીક્ષણ માટે તૈયાર છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ સિદ્ધિ બદલ DRDO, ઉદ્યોગ ભાગીદારો અને શિક્ષણવિદોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે આ સફળતાને રાષ્ટ્ર માટે મહત્વપૂર્ણ હાઇપરસોનિક શસ્ત્ર ટેકનોલોજીને સાકાર કરવામાં સરકારની મજબૂત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું.

હાઇપરસોનિક ક્રુઝ મિસાઇલો એ શસ્ત્રોનો એક વર્ગ છે જે લાંબા અંતર પર અવાજની ગતિ કરતાં પાંચ ગણી ઝડપથી મુસાફરી કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN IPL T20 CRICKET

આઈપીએલ ક્રિકેટમાં આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે સાડા સાત વાગે થશે.

દરમ્યાન ગઈકાલે રાત્રે સનરાઈઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને પાંચ વિકેટથી હરાવ્યું. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે 155 રનનો લક્ષ્યાંક 18 ઓવર અને ચાર બોલમાં પાંચ વિકેટે હાંસલ કરી લીધો હતો. હૈદરાબાદ તરફથી ઈશાન કિશને 44 રન બનાવ્યા. ચેન્નાઈ સુપર કિંગ્સના નૂર અહેમદે બે વિકેટ લીધી. ડેવાલ્ડ બ્રેવિસે 42 રન બનાવ્યા. પ્રથમ બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સ 19 ઓવર અને પાંચ બોલમાં 154 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. સનરાઇઝર્સ હૈદરાબાદના હર્ષલ પટેલે 4 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

અને હવે જોઇએ આજના અખબારોમાં પ્રકાશિત થયેલા સમાચાર

આજના તમામ અખબારોમાં આતંકવાદીઓને તાલીમ આપવામાં આવતી હોવાની પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી દ્વારા કબૂલાત, પહેલગામના આતંકવાદી હુમલા બાદ સરકાર દ્વારા સરહદ પર લેવાઇ રહેલા પગલાં, શંકાસ્પદ આતંકવાદીઓના ઘરનો નાશ જેવા સમાચાર પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

સંદેશ અને દિવ્ય ભાસ્કરે આતંકવાદીઓને પાકિસ્તાનમાં તાલીમ આપવામા આવતી હોવાની કબૂલાત કરતા સામાચારને પહેલા પેજની હેડલાઇન્સ બનાવી છે.. આ ઉપરાંત આતંકવાદીઓને પાકિસ્તાનમાં ઘૂસીને અમેરિકા ભારતની પડખેના સમાચાર પણ ગુજરાત સમાચારે પ્રકાશિત કર્યા છે..

દિવ્ય ભાસ્કરે અમિત શાહના નિવેદનને ટાંકીને લખ્યું છે કે પાકિસ્તાનીઓને દેશમાંથી શોધી શોધીન હાંકી કાઢો

પહેલગામ હુમલો સુરક્ષામાં છીંડાનું લોહિયાળ પરિણામ હોવાના વિપક્ષોના સર્વપક્ષિય બેઠકમાં સૂર હોવાની ગુજરાત સમાચારે હેડલાઇન્સ બનાવી છે

ફૂલછાબે લખ્યું છે કે ગુજરાતમાંથી 445 પાકિસ્તાનીની થશે હકાલ પટ્ટી .

સ્થાનિક અને રાજ્યના સમાચારમાં ગુજરાત વહિવટી સુધારણા પંચનો રાજ્ય સરકારને સુપરતકરાયેલા અહેવાલમાં સરકારી કચેરીઓ સવારના સાડાનવથી સાંજના પાંચ વાગીને દસ મિનિટ સુધી કરવા સહિતની દસ ભલામણોના અને રાજ્યમાં વસતા 445 જેટલા પાકિસ્તાની નાગરિકોને પરત મોકલવાના સરકારના આદેશો અને ગાંધીઆશ્રમ રિડેવલપમેન્ટ મુદ્દે થયેલી પીઆઇએલ ગુજરાત હાઇકોર્ટે ફગાવી જેવા સમાચાર જોવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .